Monday
20.03.2023
*Volume :7 * Issue No.230
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

વિશ્વાસથી વિકાસ યાત્રા



ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

વંદે માતરમ્

# કમલમ્

KAMALAM

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04 *Rs. 00.25/- *Annual Rs. 90/-

# દેશમાં સહકારી માળખું મજબૂત થવાને કારણે ભારત સરકારની તમામ યોજનાઓ દરેક વ્યક્તિ સુધી વધુ સરળતાથી પહોંચી શકશે :શ્રી અમિત શાહ

## મોદી સરકાર દ્વારા ખેતપેદાશોની નિકાસ માટે બનાવેલ મલ્ટિસ્ટેટ કોઓપરેટિવ સોસાયટી દ્વારા દેશના કોઈપણ ગામડાનો ખેડૂત તેની ઉપજ વૈશ્વિક બજારમાં સરળતાથી વેચી શકે છે અને તેની ઉપજના યોગ્ય ભાવ મેળવી શકે છે

### કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે આજે ગુજરાતના જૂનાગઢમાં કૃષિ શિબિરમાં જિલ્લા બેંકના મુખ્યાલયનો શિલાન્યાસ કર્યો અને APMC કિસાન ભવનનું ઉદ્ઘાટન કર્યુ



### પૃથ્વીને બચાવવા માટે કુદરતી ખેતી જ એકમાત્ર રસ્તો છે અને મોદી સરકાર તેને પ્રોત્સાહન આપવા માટે સતત કામ કરી રહી છે



પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્રીય મંત્રીમંડળે તાજેતરમાં એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે અને ત્રણ રાષ્ટ્રીય સ્તરની બહુ-રાજ્ય સહકારી મંડળીઓની સ્થાપના કરી છે



પ્રધાનમંત્રી મોદીએ સમગ્ર દેશમાં પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવાનું અભિયાન શરૂ કર્યું છે, આજે દેશના લાખો ખેડૂતો કુદરતી ખેતી અપનાવી રહ્યા છે અને તેઓને તેનો લાભ પણ મળી રહ્યો છે



કમલમ્ ન્યુઝ,

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે આજે ગુજરાતના જૂનાગઢમાં કૃષિ શિબિર ખાતે જિલ્લા બેંકના મુખ્યાલયનો શિલાન્યાસ કર્યો હતો અને APMC કિસાન ભવનનું ઉદ્ઘાટન કર્યું હતું. શ્રી અમિત શાહે તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે ઘણા ઉતાર-ચઢાવ બાદ જૂનાગઢ જિલ્લા સહકારી બેંકનું હાલનું સ્વરૂપ બહાર આવ્યું છે. તેમણે કહ્યું કે જે ખેડૂતો કુદરતી ખેતીમાં રોકાયેલા છે તેમને તેમના ઉત્પાદનના સારા ભાવ મળશે. શ્રી શાહે જણાવ્યું હતું કે દેશ આઝાદ થયો ત્યારથી અલગ સહકારી મંત્રાલયની માંગ સતત ઉઠતી રહી છે અને દેશના સહકારી ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકોની આ માંગને પૂર્ણ કરીને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ સહકારી મંત્રાલયની રચના કરી છે. કેન્દ્રીય સહકારિતા મંત્રીએ કહ્યું કે સહકારી મંત્રાલયની રચના બાદ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ સહકારી સંસ્થાઓને આગળ લઈ જવા માટે ઘણા મહત્વપૂર્ણ નિર્ણયો લીધા છે. તેમણે કહ્યું કે આવનારા દિવસોમાં ધરતી માતાની સેવા કરવા માટે કુદરતી ખેતી જ એકમાત્ર વિકલ્પબચશે કારણ કે DAP અને યુરિયાનો સતત ઉપયોગ ૨૫ વર્ષ પછી પૃથ્વીને કોંક્રિટ જેવી બનાવશે. તેમણે કહ્યું કે ડીએપી અને યુરિયા અળસિયા જેવા પોઝીટીવ બેક્ટેરિયા જેમના ખેતરોમાં હોય છે તેને મારી નાખે છે અને જ્યાં પોઝિટિવ બેક્ટેરિયા છે, તેમના ખેતરોમાં કોઈ અશ્મિની સમસ્યા નથી, કોઈ જંતુઓ આવતા નથી અને કોઈપણ પ્રકારની જંતુનાશક દવાનો છંટકાવકરવાની જરૂર નથી. તેમણે કહ્યું કે આપણા વડવાઓ ખેતી જાણતા હતા, પરંતુ આપણે વિચાર્યું કે યુરિયા ઉમેરીને પાક ઉગે છે અને આમ કરવાથી આપણી જમીન પ્રદૂષિત થાય છે. તેમણે કહ્યું કે હવે લાખો ખેડૂતો કુદરતી ખેતી અપનાવી રહ્યા છે અને તેઓને તેનો લાભ પણ મળી રહ્યો છે. તેમણે કહ્યું કે કુદરતી ખેતી કરવાથી ઉપજ વધે છે, વરસાદી પાણીનો સંગ્રહ થાય છે, જંતુનાશક દવાઓનો ઉપયોગ થતો નથી અને ઉત્પાદન પણ વધે છે, જેના ભાવ પણ બજારમાં સારા મળે છે. શ્રી શાહે કહ્યું કે પ્રધાનમંત્રી મોદીએ સમગ્ર દેશમાં કુદરતી ખેતીને પ્રોત્સાહન આપવા માટે અભિયાન શરૂ કર્યું છે. શ્રી અમિત શાહે કહ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્રીય મંત્રીમંડળે તાજેતરમાં એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છેઅને ત્રણ રાષ્ટ્રીય સ્તરની બહુ-રાજ્ય સહકારી મંડળીઓની સ્થાપના કરી છે.

તેમણે કહ્યું કે આ ત્રણમાંથી બે મંડળીઓ ગુજરાતના ખેડૂતો માટે ખૂબ જ ઉપયોગી છે. આમાંની એક સોસાયટી હેઠળ, કુદરતી ખેતી કરતા તમામ ખેડૂતોના ઉત્પાદનોને અમૂલની પેટન્ટ હેઠળ લેવામાં આવશે અને તેનો નફો સીધો ખેડૂતના બેંક ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવશે. શ્રી શાહે જણાવ્યું હતું કે, આ સિસ્ટમના સંપૂર્ણ અમલ પછી આપણે આપણી જમીનને યુરિયા અને ડીએપીના ઉપયોગથી બચાવી શકીશું અને તેના ઉપયોગથી થતા કેન્સર જેવા રોગોથી આપણા શરીરને બચાવી શકીશું, પાણીનું સ્તર વધશે અને પર્યાવરણ પણ બચી જશે. તેમણે કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ ખેડૂત ભાઈ-બહેનોને પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને મળવા અને તેને અપનાવવા અનુરોધ કર્યો હતો. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીએ જણાવ્યું હતું કે કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે પાક ઉત્પાદનની નિકાસ માટે સહકારી મંડળીની પણ વ્યવસ્થા કરી છે અને તેના દ્વારા આ મંડળ દેશમાં કોઈપણ ખેડૂતની ઉપજની નિકાસ માટે નિકાસ ભવનનું કામ કરશે. આપશે અને તેનો લાભ સીધો ખેડૂતના બેંક ખાતામાં આવશે. તેમણે કહ્યું કે આ સિસ્ટમ લાગુ થવાથી ખેડૂતોની સમૃદ્ધિમાં વધારો થશે અને તેની સાથે દેશની દરેક પંચાયતોમાં સહકારી સેવા સહકારી મંડળીની રચના કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેમણે જણાવ્યું હતું કે ત્રણેય સેવા સહકારી મંડળી, ડેરી અને મત્સ્ય ઉત્પાદન મંડળી એક જ પ્રકારની સોસાયટી તરીકે નોંધાયેલી હોય તેની વ્યવસ્થા કરવામાં આવી છે. શ્રી અમિત શાહે કહ્યું કે ખેડૂતોને સહકારી સંસ્થાઓ દ્વારા જ અનેક લાભો મળી શકે છે. તેમણે કહ્યું કે મજબૂત સહકારી માળખાને કારણે ભારત સરકારની તમામ યોજનાઓ તમારા બધા સુધી પહોંચવા લાગશે. તેમણે કહ્યું કે, મોદી સરકાર દેશના ખેડૂતોની આવક બમણી નહીં, પરંતુ આવનારા ૧૦ વર્ષમાં અનેકગણી કરવા માટે મક્કમ છે. શ્રી શાહે કહ્યું કે મોદીજીએ કૃષિ ક્ષેત્રમાં પણ ઘણી નવી શરૂઆત કરી છે, જેમ કે કિસાન ક્રેડિટ કાર્ડ, એફપીઓ, કૃષિ સિંચાઈ યોજના, એમએસપી પર મહત્તમ ખરીદી અને નવા સહકારી મંત્રાલય દ્વારા દેશના ખેડૂતોને સમૃદ્ધ બનાવ્યા છે.

# નહેરુ યુવા કેન્દ્ર સંગઠન અને ભારત સરકારના સંયુક્ત ઉપક્રમે SLTIET રાજકોટ ખાતે યુવા ઉત્સવ યોજાયો

### કેન્દ્રીય સંચાર બ્યુરો, જુનાગઢ દ્વારા સરકારની સિદ્ધિઓને દર્શાવતું પ્રદર્શન યોજાયું



### G20 સમિટના યજમાનપદની ઉજવણીના ભાગરૂપે કરાયું આયોજન

કમલમ્ ન્યુઝ,

આઝાદીના અમૃત મહોત્સવ ની પ્રમુખ થીમ સાથે G 20 સમિટના ભારતના યજમાન પદની ઉજવણીના ભાગરૂપે નહેરુ યુવા કેન્દ્ર સંગઠન અને ભારત સરકાર દ્વારા રાજકોટ ખાતે મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત,શ્રી લાભુભાઈ ત્રિવેદી ઈન્સ્ટીટ્યુટ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી (SLTIET)ના યજમાન પદે યુવા ઉત્સવ ૨૦૨૩ નું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે સ્વર્ણિમ સ્પોર્ટ્સ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. અર્જુનસિંહ રાણા, નેહરુ યુવા કેન્દ્રના સ્ટેટ ડાયરેક્ટર મનિષાબેન શાહ, ઈસરોના સાઈબર ચીફ સાયન્ટિસ્ટ ડૉ. હરેશ ભટ્ટ સનસાઈન કોલેજના ડિરેક્ટર ડૉ. વિકાસ અરોરા, સેન્ટ્રલ બ્યુરો ઓફ કોમ્યુનિકેશન, જૂનાગઢના અધિકારી શ્રી દેવેન્દ્રભાઈ ત્રિવેદી, ઈન્સ્ટિટ્યૂટ ઓફ એન્જિનિયર્સના મેમ્બર શ્રી બીવી હરસોડા, મારવાડી યુનિવર્સિટીના ડીન શ્રી સારંગ પાંડે, નહેરુ યુવા કેન્દ્રના ડિસ્ટ્રિક્ટ ઓફિસર શ્રી દુષ્યંતભાઈ ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. યુવાઓમાં રહેલી સર્જન શક્તિનો પરિચય કરાવવા તેમજ તેઓનું કૌશલ્ય નિખારવાનાં હેતુ સાથે આયોજિત આ યુવા ઉત્સવમાં વિભિન્ન સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ફોટોગ્રાફી, વક્તૃત્વ, મ્યુઝિક, ચિત્રકલા, અંતાક્ષરી જેવી સ્પર્ધાઓમાં ૩૦૦ થી વધુ યુવાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્પર્ધામાં વિજેતા થયેલા યુવાનોને આકર્ષક ટ્રોફી, પ્રમાણપત્ર તેમજ રોકડ પુરસ્કાર આપી પ્રોસાહિત કરવામાં આવ્યા હતા.

યુવાનોને જાગૃત કરવા અને સરકારની કાર્યપ્રણાલી વિશે માહિતી અને માર્ગદર્શન આપવાના હેતુ સાથે સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણની થીમ પર કેન્દ્રીય સંચાર બ્યુરો, જુનાગઢ દ્વારા પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રદર્શનમાં ભારત સરકારની વિભિન્ન જન કલ્યાણકારી યોજનાઓ તેમજ યુવા વર્ગ માટેની સહાયરૂપ અને લાભદાયી યોજનાઓ અંગે વિસ્તૃત જાણકારી સાથેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આરોગ્ય વિભાગ, નશાબંધી વિભાગ, સમાજ સુરક્ષા વિભાગ, બાલ સુરક્ષા વિભાગ, રોજગાર અને તાલીમ વિભાગ, માહિતી ખાતુ જેવા રાજ્ય સરકારના વિભિન્ન વિભાગો દ્વારા કાર્યક્રમ સ્થળે નિદર્શન સ્ટોલ દ્વારા સરકારની વિભિન્ન યોજનાઓ તેમજ જાગૃતતા અભિયાન અંગે યુવાઓને જાણકારી સાથે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. શ્રી ચેતસ ઓઝાના સુચારુ સંચાલન સાથે કાર્યક્રમના સફળ આયોજન માટે શ્રી લાભુભાઈ ત્રિવેદી એન્જિનિયરિંગ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. બી.એમ. રામાણી તેમજ પ્રાધ્યાપકગણની કામગીરી સરાહનીય રહી હતી.

# આઝાદીના અમૃત કાળમાં નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલીકરણ માટે કટિબદ્ધ થઈએ: શિક્ષણ મંત્રી શ્રી ડો. કુબેરભાઈ ડિંડોર

### ભારતીય શિક્ષણ પ્રણાલીમાં ગુરુકુળ પરંપરાનું સ્થાન પરિસંવાદમાં શિક્ષણ મંત્રી શ્રી ડો. કુબેરભાઈ ડિંડોરની પ્રોત્સાહક ઉપસ્થિતિ



અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ આયોજિત પરિસંવાદમાં પૂ. સ્વામી પરમાત્માનંદ સરસ્વતી, શ્રી ભાગ્યેશ જહા, શ્રી મફતભાઈ પટેલે ગુરુકુળ પરંપરા અંગે મનનીય વિચારો રજૂ કર્યા

કમલમ્ ન્યુઝ,

અમદાવાદમાં દિનેશ હૉલ ખાતે આયોજિત ભારતીય શિક્ષણ પ્રણાલીમાં ગુરુકુળ પરંપરાનું સ્થાન પરિસંવાદમાં શિક્ષણ મંત્રી શ્રી ડૉ. કુબેરભાઈ ડિંડોર અતિથિવિશેષ તરીકે ઉપસ્થિતિ રહ્યા હતા. આ પ્રસંગે શિક્ષણ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં ઘડાયેલી નવી શિક્ષણ નીતિના માધ્યમથી ભારતીય ગુરુકુળ પરંપરા પુનઃપ્રસ્થાપિત થશે. આઝાદીના અમૃત કાળમાં નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલીકરણ માટે આપણે સૌ કટિબદ્ધ થઈએ. આ બાબતે સામુહિક મનોમંથન અને પ્રયાસો કરીએ એવો અનુરોધ મંત્રીશ્રીએ કર્યો હતો. શિક્ષણ મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે ગુરુકુળમાં બાળકોને ૬૪ કળાઓનું જ્ઞાન તથા વિવિધ કૌશલ્યો શીખવવામાં આવતા હતા, શિક્ષણ એકાંગી નહોતું, એટલે જ આપણો દેશ વિશ્વગુરુ હતો. આજે નરેન્દ્રભાઈના નેતૃત્વમાં દેશ ફરી એ દિશામાં આગળ વધી રહ્યો છે. જી-૨૦દેશોની અધ્યક્ષાતા આપણે કરી રહ્યા છીએ, એવું તેમણે ઉમેર્યું હતું. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે શ્રી નરેન્દ્રભાઈ મુખ્યમંત્રી હતા ત્યારે તેમના નેતૃત્વમાં ગુજરાતમાં તમામ ક્ષેત્રમાં વિકાસ થયો અને ઉપેક્ષિત, દલિત, પીડિત અને જનજાતિ સમુદાયના લોકોના જીવનમાં આમૂલ પરિવર્તન આવ્યું. અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ આયોજિત પરિસંવાદના ઉદઘાટન સત્રમાં શિવાનંદ આશ્રમના વડા પૂ. સ્વામી પરમાત્માનંદ સરસ્વતી, ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ શ્રી ભાગ્યેશ જહા, શિક્ષણકાર શ્રી મફતભાઈ પટેલ, અચલા ફાઉન્ડેશનના ટ્રસ્ટી સુશ્રી અનારબહેન પટેલે ભારતીય ગુરુકુળ પરંપરા અંગે મનનીય વિચારો રજૂ કર્યા હતા. આ પ્રસંગે શિક્ષણ મંત્રી સહિતના મહાનુભાવોના હસ્તે ગુરુકુળના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. ડૉ. મફતભાઈ પટેલનાં હિન્દી અનુવાદિત પુસ્તકો, અચલા સામયિકના ભારતીય ગુરુકુળ પરંપરા પરના વિશેષાંક સહિત શિક્ષણને લગતાં અન્ય પુસ્તકોનું પણ મહાનુભાવોના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પદ્મશ્રીથી સન્માનિત વરિષ્ઠ પત્રકાર શ્રી દેવેન્દ્ર પટેલ, લોકભારતી સણોસરાના મેનેજિંગ ટ્રસ્ટીશ્રી અરુણભાઈ દવે, શ્રી નલિન પંડિત સહિતના શિક્ષણ ક્ષેત્રે સંકળાયેલા મહાનુભાવો સહિત મોટી સંખ્યામાં શિક્ષકો, હેમચંદ્રાચાર્ય સંસ્કૃત પાઠશાળા, સાબરમતીના વિદ્યાર્થીઓ સહિત પ્રબુદ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

